# જાહેરાત

જિલ્લા અર્બન હેલ્થ યુનિટ, જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત નીચે મુજબની નેશનલ હેલ્થ મિશન તથા ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ અંતર્ગત વિવિધ જગ્યાઓ ભરવાની થાય છે. જે અંગે નીચે દર્શાવેલ પત્રક મુજબ લાયકાત ધરાવતાં ઉમેદવારોએ નીચે જણાવેલ તારીખે અરજી ફોર્મ મેળવવાના રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર (પ્રતિ માસ) | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | આયુષ મેડિકલ ઓફિસર (કલોલ) | ૨ | ૨૨.૦૦૦/- | બી.એ.એમ.એસ /બી.એચ.એમ.એસ ગુજરાત આયુર્વેદિક /હોમોપોપેથીક કાઉન્સીલ બોર્ડમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઇએ તેમજ ઇન્ટર્નશિપ પુર્ણ કરેલ હોવી જોઇએ તેમજ કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટ્રેશન હાલની સ્થિતિએ ચાલુ હોવુ જોઇએ.(વય ૪૦ મર્યાદા વર્ષ) |
| ૨ | મીડ વાઇફરી (કલોલ) | ૪ | 30,000/ | (૧) (i) ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી બેઝીક બી.એસ.સી (નર્સીંગ) ની ડિગ્રી અથવા (ii) ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી પોસ્ટ બેઝીક બી.એસ.સી (નર્સીંગ) ની ડિગ્રી અથવા (iii) ભારતીય નર્સિંગ કાઉન્સિલ અથવા ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી જનરલ નર્સિંગ અને મિડવાઇફરીમાં ડિપ્લોમાં અને (૨) ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી નર્સ પ્રેકિટશનર મિડવાઇફરીમાં પોસ્ટ બેઝીક ડિપ્લોમાંની પદવી મેળવી હોવી જોઇએ. .(વય મર્યાદા ૪૦ વર્ષ) |
| 3 | નેશનલ અર્બન હેલ્થ મિશન અંત્રર્ગત સ્ટાફ નર્સ /બ્રધર્સ (કલોલ) | ૧ | ૧3,000/- | (૧) સરકાર માન્ય સંસ્થાનું બી.એસ.સી ડીગ્રી ઇન નર્સીંગ અથવા ડિપ્લોમાં ઇન જી.એન.એમ. નો કોર્ષ કરેલ હોવો જોઇએ. (૨) નર્સીંગ કાઉન્સલીંગનું રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. (3) કોમ્પ્યુટરની સામાન્ય જાણકારી નો કોર્ષ કરેલ હોવો જોઇએ. (વય મર્યાદા ૪૫ વર્ષ) |
| ૪ | નેશનલ અર્બન હેલ્થ મિશન અંત્રર્ગત એ.એન.એમ (કલોલ) | ૧ | ૧૨,૫૦૦/- | (૧) સરકાર માન્ય સંસ્થામાંથી બેઝિક એફ.એચ.ડબ્લ્યુ અથવા એ.એન.એમ. નો કોર્ષ પૂર્ણ કરેલ હોવો જોઇએ. (૨) ગુજરાત નર્સીંગ કાઉન્સલીંગનું રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. CCC કોર્ષ અથવા કોમ્પ્યુટરની સામાન્ય જાણકારી નો કોર્ષ કરેલ હોવો જોઇએ.(વય મર્યાદા ૪૫ વર્ષ) |
| ૫ | ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ અંતર્ગત કોમ્પ્યુટર ઓપરેટર કમ કલાર્ક (દહેગામ) | ૧ | ૮,૦૦૦ /- | સ્નાતક(બી.કોમ સ્નાતકને પ્રાથમિકતા) અને ડિપ્લોમાં / સર્ટીફિકેટ ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન.(વય મર્યાદા ૫૮ વર્ષ) |

ઉપરોક્ત લાયકાત ધરાવતાં ઉમેદવારોએ અરજી પત્રક અત્રેની ગાંધીનગર જિલ્લા પંચાયતની વેબસાઇટ - gandhinagardp.gujarat.gov.in પરથી " ૧૧ માસના કરાર આધારિત સ્ટાફ ભરતી(આરોગ્ય શાખા)" પરથી અથવા અત્રેની કચેરી સરનામું : ગ્રાઉન્ડ ફ્લોર,. ડી.પી.એમ.યુ.,આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર, સેક્ટર-૧૭ ખાતેથી ચાલુ કામકાજના દિવસો દરમ્યાન (તારીખ : ૧૦/૦૯/૨૦૨૦ થી તા. ૧૮/૦૯/૨૦૨૦) કચેરી સમયે રૂબરૂ માં મેળવી શકશો. અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના તમામ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે પોતાની અરજી અત્રેની કચેરીને તા. ૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં મળી જાય તે રીતે સ્વ-ખર્ચે માત્ર આર.પી.એડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ મોકલી આપવાનું રહેશે.

અરજી પત્રકના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરતાં હોય તેનું નામ કવર પર લખવાનું રહેશે તેમજ દરેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે. અરજીઓની ચકાસણી બાદ મેરીટ પ્રમાણે ગુણાંનુક્રમ યાદીમાં સમાવેશ થતાં લાયક ઉમેદવારોને અસલ પ્રમાણપત્રની ચકાસણી કરવા રૂબરૂ બોલાવવામાં આવશે. જે માટે અરજી ફોર્મમાં આપનો સંપર્ક નંબર તેમજ સરનામું અચૂક દર્શાવવાનો રહેશે.

ગુણાંનુક્રમ યાદી તૈયાર થયા બાદ તેની પ્રસિધ્ધી જિલ્લા પંચાયતના નોટીસ બોર્ડ પર કરવામાં આવશે. સદર જગ્યાઓ કરાર આધારિત હોઇ વખતોવખતની સરકારશ્રીની સુચનાઓ મુજબ કોઇપણ પ્રકારના હક્ક દાવા રહેશે નહિ. મુદત અથવા પ્રોજેક્ટ પૂર્ણ જાહેર થવાથી નિમણુંક આપોઆપ રદ ગણાશે. સદર ભરતી બાબતના તમામ અધિકાર પસંદગી નિમણુંક સત્તાધિકારી ની રહેશે. નોંધ : નિયત સમય મર્યાદા પછીની તેમજ સાદી ટપાલ/કુરિયર/રૂબરૂ થી આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે. તેમજ અધૂરી વિગતો વાળી અરજીઓ પણ રદ ગણવામાં આવશે.

સભ્ય સચિવ
જિલ્લા અર્બન હેલ્થ યુનિટ
અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર

અરજી મોકલી આપવાનું સ્થળ :
જિલ્લા અર્બન હેલ્થ યુનિટ,
ડી.પી.એમ.યુ. શાખા, જિલ્લા પંચાયત,
સેક્ટર-૧૭, ગાંધીનગર, ૩૮૨૦૧૬